સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'મુલાયમ' ફટકા મારી સરકાર ટકાવે છે,
કયારેક કડક 'મમતા' સરકાર થકાવે છે,
ઝૂકાવે કઠપૂતળી જેમ 'માયા' તક જોઇને -
છછિયા ભર છાછ માટે સૌ 'મોહન' નચાવે છે..
(ટેકા માટે વલખતી સરકાર)

હાઈકુ

'લક્ષ્મણ રેખા'
ઓળંગી, 'જિંદગી'નું
અપહરણ..

હજુ જેલમાં?!
કરોડપતિ-પુત્ર!!
અહો 'વિસ્મય'!

ચિંતન

ન પશ્યતિ ચ જન્માંધ કામાન્ધો નેવ પશ્યતિ ।
ન પશ્યતિ મદોન્મત્તો અર્થી દોષાન્ ન પશ્યતિ ॥

'જે વ્યક્તિ જન્મથી જ અંધ છે તેને તો રંગ-આકારની કલ્પના ક્યાંથી હોય, જન્માંધ તો દેખી નથી જ શકતો. જે કામાંધ છે તે કામનાં નશામાં અંધ છે. તેને સારું-ખોટું આચરણ શું એ દેખી જ નથી શકતો; અને જે સ્વાર્થી છે. પોતાના મતલબ સિવાય એને બીજું કંઇ કરે છે તે સારું જ લાગે છે ખોટું કંઇ દેખાતું નથી.'

અંધ ને તો જન્મથી જ કંઇ દેખાતું નથી. તે સ્વાભાવિક છે, પરંતુ ચાણક્ય અહીં એવા આંધળા લોકોની વાત કરે છે જેને ચર્મચક્ષુ છે છતાં પણ આંધળા છે એમને સત્યાસત્ય ના વિવેકની ખબર પડતી નથી. એવાં પણ અંધ કહેવાય.

કામવાસનામાં અંધ બનેલા લોકો, અત્યારે આજ-કાલ બળાત્કારના કિસ્સાઓ આવે છે વ્યક્તિગત કે સામુહિક બળાત્કાર થાય છે ત્યારે પોતાની અક્કલ બુધ્ધિ અને વિચાર શક્તિથી માણસ અંધ થઇ જાય છે અને ન કરવાનું કાર્ય કરે છે.

માણસમાં જયારે સ્વાર્થવૃત્તિ જન્મે ત્યારે ભાઇ-ભાઇ, પિતા-પુત્ર, જેવાં તદ્દન નજીકનાં સંબંધ પણ ભૂલી જઇ માત્ર થોડા પૈસા-જમીન માટે કરી એકમેકનાં જીવ લઇ લેતાં હોય છે. સ્વાર્થમાં એમને પોતે જે કંઇ આચરણ કરે છે તે ન્યાયી અને સારું જ લાગે છે. સ્વાર્થ એમને અંધ બનાવે છે.

સુવિચાર

- માનવીની પાસે હસવાની શક્તિ છે એટલે જ એ બીજાં તમામ પ્રાણીઓથી અલગ પડે છે - જોસેફ એડિસન
- જો તમે હસી શકતા હો તો જરૂર હશો, એ જ સફળ અને સસ્તી દવા છે - બાયરન
- જે વ્યક્તિ મુક્તપણે હસી શકે છે તે શ્રીમંત છે - રેમંડ હિચકોક
- તમને જે કાંઇ જોઇએ છીએ તલવારથી કે બળજબરીથી નહીં જ મળે, હસીને સરળતાથી મળી જશે - શેકસપિયર
- સંતાપની સગડી વચ્ચે પણ અદ્‌ભૂત ટાઢક આપે એવું ઔષધ એટલે હાસ્ય - નિત્શે
- વિનોદવૃત્તિ જ જીવનનો અર્ક છે - શ્રી અરવિંદ
- રૂદન અને રૂદનનાં પ્રસંગો માનવી પાસે પુરતાં પ્રમાણમાં છે જ એને જરૂર છે માત્ર નિખાલસ હાસ્યની - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

દરેક ધર્મ-સંપ્રદાય-પંથોમાં-યુનિફોર્મ-રિવાજ-નિયમો-ટીલાં-ટપકાં-વિધિ-ક્રિયાકાંડ-ચૂસ્ત બંધનો-કાયદા એવા પેસી ગયા છે કે ભક્ત એમાં કેદ થઇ જાય અને એ જ દ્વિધામાં પડી જાય. 'આમ થાય - આમ ન થાય' ભક્ત અને ભગવાન વચ્ચે માત્ર પ્રેમનો જ સંબંધ છે. નિયમો-કાયદા-વિધિનો નહીં.

એક અજાણ્યા ટાપુ પાસે સ્ટીમરમાં થોડું રીપેરીંગ કામ કરવાનું હતું એટલે ઊભી રહી. પાદરી લટાર મારવા નીચે ઉતર્યા. એક વૃધ્ધ એક પથ્થરનું દેવળ બનાવી મરજી મુજબ પ્રાર્થના કરતો હતો. પાદરીએ તેને વિધિવત શબ્દો સાથે પ્રાર્થના શીખવી. કહ્યું, આ રીતે પ્રાર્થના કરવાથી ઇશ્વર જરૂર-જલ્દી પ્રસન્ન થશે.

રીપેરીંગ પૂર્ણ થતાં - સ્ટીમર રવાના થઇ. બીજે દિવસે સવારે પાદરી તૂતક પર ઊભાં હતા. ત્યાં દૂરથી કંઇ આવતું દેખાયું. માનવ આકૃતિ જેવું હતું. ખલાસી પણ કરી ગયા. પાણી પર દોડતું આવતું આ કોઇ જળચર લાગે છે!

એ આકૃતિ નજીક આવી ગઇ, સ્ટીમર પાસે પાણી પર જ ઉભી હતી. પાદરીએ એને ઓળખી લીધો, એ તો પેલા ટાપુ પરનો વૃધ્ધ હતો. એણે કહ્યું, પાદરી સાહેબ હું પ્રાર્થના ના શબ્દો ભૂલી ગયો છું મને બીજીવાર કહો ને?

પાદરી કહે, પણ તું એ તો કહે, તું આ સમુદ્રના પાણી પર દોડતો, આવ્યો કેવી રીતે?

વૃધ્ધ કહે મેં ઇશ્વરને કહ્યું મને આપને જરૂર મળવું છે મને દોડવાની શક્તિ આપ. અને દોડ્યો..

પાદરીએ એને વંદન કર્યાં અને કહ્યું, ભાઇ તું પહેલાં જે રીતે પ્રાર્થના કરતો હતો એ જ પ્રાર્થનાની સાચી રીત છે. ચિંતા કરીશ નહીં!

દોલતબાપા આપશ્રીએ ૮૦ વર્ષની જૈફ ઉંમરે પણ, અતીતને ઢંઢોળી સતત બેથી અઢી કલાકનો સમય આપ્યો અને મુલાકાતનું સાતત્ય જાળવ્યું એ બદલ! ખરા દિલથી નમસ્કાર બાપા!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

(ગતાંકથી આગળ...)

ચારેય વર્ણવ્યવસ્થા મનુએ બનાવી નથી પરંતુ સ્વાર્થાંધ લોકોએ તેનું અર્થઘટન ખોટું કરતાં ઝેરનાં બી રોપાયાં છે. ખરેખર તો ભણે અને ભણાવે તે બ્રાહ્મણ, રક્ષણ કરે તે ક્ષત્રિય, ઉત્પાદનનું આદાન પ્રદાન કરે તે વૈશ્ય અને સેવા કરે તે ક્ષુદ્ર. આમ સમાજનાં ચાર અંગો તરીકે દર્શાવ્યા છે. તેમાં કોઇ ઊંચ નથી કે કોઇ નીચ નથી! મનુની એ વ્યવસ્થા વર્ણવ્યવસ્થા નહોતી પરંતુ વર્ગ વ્યવસ્થા હતી. તે કોઇ કોમ આધારીત નહોતી, પરંતુ સ્વાર્થને ખાતર અર્થઘટન ખોટાં થતાં વર્ગો વચ્ચે વિષયતા વધી. આમ આંધળે બહેરૂં કૂટાયું છે. આ વિષમતા દૂર કરવાની જવાબદારી સાહિત્યકારોનાં શિરે પણ આવે છે.

મૂળજી : સાહિત્ય સર્જક અને પુસ્તકો/લાઇબ્રેરીની સંગત વિષે આપશ્રીનું મંતવ્ય શું છે?

દોલત ભટ્ટ : વાંચનથી માહિતગાર થવાય છે. પરંતુ સર્જક થવાતું નથી, જેમ સંગીત સાંભળવાના શોખથી, સંગીતકાર થવાતું નથી. ભીંતરમાં પડેલી ક્ષમતા, તેને બહાર લાવવા સંગત કરો તો તે સંગીતનો પ્રથમ પથદર્શક બની શકે, પરંતુ દેન ન હોય તો સંગીતકાર થવું શક્ય નથી. તેમ પુસ્તકો/પુસ્તકાલયો રાહ બતાવી શકે. કલાકારો જન્મે છે - બનાવાતા નથી. જેમ નેગેટીવ પોઝીટીવ છેડા મળતાં લાઇટ - પ્રકાશ પ્રગટે છે.

મૂળજી : આપશ્રીની અંગત લાઇબ્રેરીમાં કેટલાં અને મુખ્યત્વે કયા કયા પ્રકારનાં પુસ્તકો છે?

દોલત ભટ્ટ : સાતેક હજાર જેવાં પુસ્તકો હતાં, જેમાં બધા જ પ્રકારનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. મારા માતુશ્રીનાં નામે બાબરા ખાતે "ત્રિવેણીબા પુસ્તકાલય" બંધાવ્યું ત્યાં ત્રણેક હજાર પુસ્તકો મોકલી આપ્યાં. અમદાવાદ જીલ્લાના "કાંઝ" (દેત્રોજ પાસે) ખાતે પુસ્તકાલયને મોકલ્યાં, જૈન ધર્મની હસ્તપ્રતો હતી તે જૈન મહારાજ સાહેબને આપી - બીજા પુસ્તકો જેને સંપ્રદાયનાં હતાં તેમને આપ્યાં. હવે જે છે, તે "ત્રિવેણી બા પુસ્તકાલય"ને મોકલી આપવાનો છું. હવે ૮૦ વર્ષે આ પુસ્તકોની શી જરૂર?!

મૂળજી : આપે લલિત સાહિત્યમાં ખેડાણ કર્યું છે, તો દલિત સાહિત્ય વિશેનો આપનો અંગત અભિપ્રાય શું છે?

દોલત ભટ્ટ : સાહિત્ય એ સાહિત્ય છે. કોઇ કોમ વાર સાહિત્ય શક્ય નથી - હોઇ શકે નહીં. જેમ પટેલ સાહિત્ય, બ્રાહ્મણ સાહિત્ય જેવું કોમ આધારિત સાહિત્ય નથી. હા, તે વર્ગનું સાહિત્ય હોઇ શકે. આ દલસિત સાહિત્યનો કન્સેપ્ટ મને ગળે બેસતો નથી. જેમ ચારણી સાહિત્ય - તેની આગવી ભાષાને કારણે છે. લોકભાષાનું સાહિત્ય - લોકસાહિત્ય અને સંસ્કૃત ભાષાનું સાહિત્ય એ સંસ્કૃત સાહિત્ય. દલિત સમાજની કોઇ ભાષા અલગ નથી. આમ સાહિત્ય એ કોઇ ભાષાનું સાહિત્ય - જેમ કે બંગાળી, ગુજરાતી, મરાઠી, હિન્દી વગેરે હોઇ શકે. ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરે ક્યારેક દલિત સાહિત્યની વાત કરી નથી.

મૂળજી : આપની સવિશેષ અભિરૂચી ક્યાં સર્જનમાં છે? આપનું આગામી પ્રકાશન કયું છે?

દોલત ભટ્ટ : જેમાં માનવમૂલ્યોનું પલ્લુ નીચે નમતું હોય, તેવાં સર્જનમાં વિશેષ અભિરૂચી છે. મોટા ભાગે મેં, પ્રજા રક્ષણ માટે આપેલ બલિદાનોની કથાઓ - પછી ભલે તે જણ સામાન્ય હોય કે મોટો હાકેમ હોય - તેની લખી છે. પ્રજા રક્ષણ માટે બલિદાન આપનાર મારે માટે ખૂબ જ મહત્વ ધરાવે છે.

મૂળજી : આપશ્રી લિખિત કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે? તે ક્યાં ક્યાં છે?

દોલત ભટ્ટ : ૧૧૦ થી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે.

નવલકથા : વસમી વેળા, નાચે મનમાં મોર, વ્હાલપનાં વેણ, દિલનાં ડંખ, મનનો માણીગર, સરી જતી સાંજ, કૈકેયી, ધન્ય સોરઠ ધરા, ધરતીની સોઠમ, પ્રીતનાં પડઘા, કારભારી, વાંસળી વાગી વાલમની, વગડે વહેતી વાત, પ્રીતના પડઘા.

બાલ સાહિત્ય : શિશુ શૌર્ય કથામાળા, છેલભાઇ શૌર્ય કથા માળા - ૫ ભાગ, લાખેણી લોકકથાઓ - ૫ ભાગ, મેવાડનો મંત્રી, બાદશાહ ખાન, રણબંકા - ૫ ભાગ, કંકુવરણી કુરબાની, નાગરદાસ ફોજદાર, પોલીસવડા પુરોહિત.

ગીત સંગ્રહ : સુગંધ, ચાણક્ય, સંગાથ (આકાશમવાહી માન્ય કવિ), સ્વામી શ્રદ્ધાનંદ, ક્રાંતિવીર શામજી કૃષ્ણવર્મા.

સંપાદન ગીત સંગ્રહો : ચાંદો ઉગ્યો ચોકમાં, રણહાક, વીહ્હાક, રણભેરી, અનાહત નાદ, મોતી વેરાણાં ચોકમાં, ગુર્જરગિરા, દેશભક્તિનાં ગીતો, આઝાદીનાં ગીતો, ગાંધી ગીતો.

અન્ય સંપાદનો : મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ, ગાંધીજી - ૨ ભાગ, પંડિતજી અને ગુજરાત, મુંબઇમાં મુક્તિ સંગ્રામને મોરચે ગુજરાત, આઝાદી જંગનાં પ્રથમ પચાસ વર્ષ, દલિત દિવાકર (બાબાસાહેબ આંબેડકર) - ૩ ભાગ, અણમોલ અમરેલી, સબરસ સંગ્રામ, આઝાદી આંદોલન.

અન્ય : પક્ષી પરિચય, ધરતીનું ધન, દુહા, છંદ અને સોરઠ, પ્રાણી પરિચય, રસનો રાજા.

વાર્તાસંગ્રહ : પરણેત્તર, ઉરનાં ઇંધણ, અમરેલી જીલ્લાની જિંદાદીલી, કચ્છની કીર્તિવંત કથાઓ, ઝાલાવાડની જવાંમર્દી, હું રસ્તે રઝળતી વાર્તા, ઝૂમખું, ગોલિલવાડની ગૌરવગાથા, પાટણવાડાનો પટા ધરો, સરવો સોરઠ દેશ, પાવો વાગે પ્રીતને ગુજરાતની રસધાર - ભાગ ૧ થી ૪, લોકસાહિત્યની લાખેણી વાતો.

ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય પ્રકાશનો :

મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ, આઝાદી જંગનાં પ્રથમ પચાસ વર્ષ, મુંબઇમાં મુક્તિ સંગ્રામને મોરચે ગુજરાત, પંડિતજી અને ગુજરાત; રણહાંક; દેશભક્તિનાં ગીતો; વીરહાક; આઝાદીનો અહાલેક

પ્રકાશકો દ્વારા રાષ્ટ્રીય પ્રકાશનો :

ગાંધીજી, ભાગ-૧-૨-૩; ગાંધી ગીતો; ગુર્જર ગિરા; દલિત દિવાકર (બાબા સાહેબ આંબેડકર) ભાગ ૧-૨-૩; સબરસ સંગ્રામ (ગુજરાત) સબરસ સંગ્રામ (અંગ્રેજી)

મૂળજી : આપની દૃષ્ટિએ શાશ્વતી શામાં છે - સાહિત્યમાં કે આધ્યાત્મમાં? શા માટે?

દોલત ભટ્ટ : મને આધ્યાત્મિકતાની અનુભૂતિ થઇ નથી, તે મારી કક્ષા-વિષયની બહારની વસ્તુ છે. હું એટલું સમજું છું કે, બધું નિયમિના - પ્રકૃતિનાં નિયમ મુજબ ચાલે છે. અપવાદ બાદ કરતાં, કરોડોમાં કોઇક પ્રકૃતિ અને નિયતિને થંભાવી દેવાની આધ્યાત્મિકતા ધરાવનાર આત્મા હોય - કદાચ હશે! એ સિવાય રંક હોય કે રાજા, સંસ્કારી હોય કે સંન્યાસી, સાધુ હોય કે સંત, બધાને પ્રકૃતિના - નિયતિનાં નિયમો લાગું પડે છે. બધાને વૃધ્ધાવસ્થાઆ આવે છે. શરીર અશક્ત બની જાય છે. બધાને અંતિમ 'કોલ' આવી જાય છે. આ શાશ્વતી છે - પ્રકૃતિનો અફર નિયમ છે. ઘણી ઘટનાઓ ઘટે છે. ઇચ્છા મૃત્યુ - જેને પંડિત મૃત્યુ કહેવામાં આવે છે. તેમાં પોતાના દેહમાંથી આત્માને મુક્ત કરવાનો સમય નિશ્ચિત કરી, ઇચ્છા મૃત્યુને પામે છે. શાશ્વતતા એવો સનાતન શબ્દ છે કે, સદીઓથી પ્રયોગો અને પ્રથાઓ, મંથન અને ચિંતન બધું જ થયા કરે છે - થયા કરશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

...ઘરમાં તમે નિવૃત્તિ પછી નડતર રૂપ થાવ છો, આથી તમારાં માટે અમે વૃધ્ધાશ્રમમાં વ્યવસ્થા કરી છે, વિનોદ પુત્રવધુની વાણીથી ઘણો જ દુઃખી થયો ત્યારે તેની સ્વર્ગસ્થ પત્ની સવિતાના શબ્દો યાદ આવ્યા

અંતિમ નિર્ણય વૃધ્ધાશ્રમ કે સ્વર્ગાશ્રમ લઘુકથા

- નિરંજન ઓઝા

વિનોદના માતાપિતા ઘણાં જ સમય પહેલાં અવશાન પામ્યા હોવાથી, વિનોદને મોટા કરવાની જવાબદારી તેના મામા-મામી ઉપર આવી હતી. જેઓ ભાવનગર નિવાસ કરતાં હોવાથી વિનોદનું સ્થળાંતર ભાવનગર થયું હતું. ૧૫ વર્ષની ઉંમરે નવી સ્કૂલે મૂકવા વિગેરેનો પ્રશ્ન મામા-મામીએ ઘણાં જ પ્રયત્નો પછી હલ કરી દીધો હતો. વિનોદ ભાવનગરનાં વાતાવરમમાં ધીરે ધીરે સ્થાયી થવા લાગ્યો. સ્કૂલે જતાં પહેલાં અવશ્ય વિનોદ તેના ગર નજીક આવેલ "મહાલક્ષ્મી મંદિર" દર્શન કરવાનું ભૂલતો ન હતો. વિનોદના આ નિયમિત કાર્યક્રમમાં તેને શરૂઆતમાં ખબર ન હતા કે તેની જેમ અન્ય એક કન્યા પમ મંદિરે દર્શન કરવા આવે છે. થોડા સમય પછી મંદિરમાં બંનેની મૂક મુલાકાત થાય છે. આ મુલાકાતમાં ફક્ત આંખોથી જ એક બીજાની હાજરી પુરાય છે. સમય જતાં દર્શન કરવાની સાથે બંનેનાં બોલવાનો વ્યવહાર શરૂ થયો. વિનોદને જાણળા મળ્યું કે તે કન્યાનું નામ "સવિતા" છે. અને તે પણ તેનાં જેમ તેની માસીને ત્યાં રહે છે.

દિવસો પસાર થવા લાગ્યા, બંનેની મુલાકાત મંદિરમાં થતી અને થોડીક વાતચીત કર્યા પછી છૂટા પડતા. વિનોદે એસ.એસ.સી. પરીક્ષા પસાર કરી. મામા-મામીને મદદરૂપ થયા, વિનોદે એક ખાનગી દુકાને નોકરીની શરૂઆત કરી. જયારે બીજી બાજુએ સવિતાએ નર્સિંગની પરીક્ષા પસાર કર્યાની વિનોદને જાણ થઇ. એક સમયે વિનોદે હિંમત કરી, મંદિરની મુલાકાત પછી સવિતાને અંગત વાતો કરતાં લગ્ન માટે પ્રસ્તાવ મુક્યો કારણ કે વિનોદ-સવિતા પુખ્તવયનાં થઇ ગયા હતી. સવિતાએ સ્વીકાર કરતાં તેમ જ મામા-મામીની સંમતિ મળતા વિનોદ સવિતા ગૃહસ્થી બન્યા, સમયાંતરે બંનેના ઘરે પુત્રની પધરામણી થઇ. ખુબ જ લાડમાં બંને જણા, પુત્રને મોટો કરવા લાગ્યા. પુત્ર ચાર વર્ષનો થયો ને બીજા પુત્રનો કુટુંબમાં ઉમેરો થયો. વિનોદ - સવિતા બંનેને મોટા કરાવામાં વ્યસ્ત રહેતા. સમયને પસાર થયા વાર લાગતી નથી. તે પ્રમાણે બનેને પુત્રો સ્કૂલની પરીક્ષાઓ પસાર કરતાં કોલેજ પ્રવેશ કર્યો હતો. વિનોદ - સવિતા પુરેપુરાં ગૃહસ્થી થયા અને મોટા પુત્રને સારા કુટુંબની કન્યા મળતાં લગ્ન લેવાયા. વિનોદ - સવિતાના કુટુંબમાં હવે અન્ય કુટુંબની કન્યાઓ પ્રવેશ થતાં, જેમ જીવનમાં થાય છે તેમ રહેવાની જગ્યાની સંકડાશ, આર્થિક તથા સાસારિક મુશ્કેલીને લીધે પ્રશ્નો વધવા લાગ્યા.

તેવામાં એક દિવસ અચાનક વિનોદ દુકાને હતો તેને સમાચાર મળ્યા કે સવિતાને અકસ્માત નડયો છે. વિનોદ હોસ્પિટલમાં જાય છે. ત્યાં સવિતાનાં અવશાન થયાના સમાચાર મળતાં પડી ભાંગે છે. કુટુંબ પ્રત્યેની જવાબદારી તેમજ ફરજના ભાગરૂપે આપેલ સવિતાનો સહકાર અત્યારે તેને યાદ આવે છે. જીવનરથના એક પૈડાનું અચાનક તુટી જવું વિનોદ માટે અસહ્ય થઇ પડ્યું. સવિતાનાં ગયા પછી વિનોદના કૌટુંબિક જીવનમાં પણ પ્રશ્નો ઉભા થયા, તેવામાં વિનોદ વયમર્યાદાને લીધે સેવામાંથી મુક્ત થતાં, ઘરમાં વધારાનાં છે તેવો માહોલ ઉભો થયો. પ્રવૃત્તિ વિનાના વિનોદ માટે હવે શું કરવું તેવા પ્રશ્નો તેમનાં પુત્રો તથા પુત્રવધુ વિચારવા લાગ્યા. અને એક દિવસ પુત્રવધુએ વિનોદને પ્રશ્ન કરતાં કહ્યું કે, તમે રોજ વહેલી સવારે પૂજા કરો છો, ત્યારે તમારાં અવાજ તથા ઘંટડીના અવાજને લીધે મુન્નો ઝબકી જાય છે, વળી કોઇ પણ પ્રવૃત્તિ કરતા ન હોવાથી, આખો દિવસ ઘરમાં જ બેસી રહો છો, ચા પીધે રાખે છે અને અમને ઘરમાં જરા પણ મોકળાશ મળતી નથી.

દિયરજી પણ હવે મોટા થઇ ગયાં છે તેથી મારે દેરાણીની પણ તપાસ કરવાની તેથી ઘરમાં તમે નિવૃત્તિ પછી નડતર રૂપ થાય છો, આથી તમારાં માટે અમે વૃધ્ધાશ્રમમાં વ્યવસ્થા કરી છે, વિનોધ પુત્રવધુની વાણીથી ઘણો જ દુઃખી થયો ત્યારે તેની સ્વર્ગસ્થ પત્ની સવિતાના શબ્દો યાદ આવ્યા કે, "કમ ખાવ અને ગમ ખાવ" વિનોદ એકાંતમાં મનોમન રડવા લાગ્યો કે બાળકો માટે તેણે તથા સવિતાએ શું નથી કર્યું? "મા-બાપ જીવનમાં બે વખત રડે છે. એક દિકરીને વળાવે છે ત્યારે બીજી વખતે પુત્રો તરછોડે છે ત્યારે" આમ વિચારતાં વિચારતા વિનોદ નિદ્રાધીન થાય છે. સવારે વહેલાં ઊઠતાં વિનોધ મોડે સુધી ઉઠ્યો નહીં ત્યારે પુત્રએ ઉઠાડવા માટે પ્રયત્નો કર્યાં પરંતુ ન ઉઠતાં, પુત્રને વહેમ પડ્યું ડોકટરને બોલાવવામાં આવ્યાં. ડોકટરે વહેલી સવારે અવશાન થયાનું જણાવ્યું. આમ વિનોદ વૃધ્ધાશ્રમ જાય તે પહેલાં સ્વર્ગાશ્રમનાં રાહે પ્રયાણ કર્યું.

મારી મા દર સાત તારીખે એ ફોટા જોઇ મારા ભાઇને યાદ કરીને એને મળ્યાનો સાંત્વન અનુભવતી, પણ હવે એ પડી ભાંગી છે, એની યાદ જતી રહેતાં એ બહુ વલોપાત કરે છે, મારૂં લૅપટોપ ચોરાઇ ગયું ત્યારથી એના હસતા રમતાં ફોટા જોવાં નથી મળતાં એટલે એનો ક્રમ તૂટ્યો છે

ઉદાત્ત ભાવના - સં-વેદના

- જય ગજજર

ઘંટ વાગતાં એક પછી એક વિદ્યાર્થીઓ વર્ગ બહાર નીકળ્યા. શેલી બેસી રહી. પીટરે પાછળ જોયું તો શેલી રડતી હતી. એણે પાછા વળી શેલી પાસે જઇ રડવાનું કારણ પૂછ્યું તો અશ્રુભીની આંખે બોલી, "આજ મારા નાના બાઇની મરણતિથિ છે. મારી મા એને યાદ કરી પોકે પોકે રડશે!"

"અરે પગલી તું એને સાંત્વન આપજે. જીવનમરણ માનવીનાં હાથની વાત નથી. બનવાકાળ બન્યા કરે છે!"

"એ વાત સાચી. પણ જે વાત આપણા હાથની છે તેનો ઉકેલ તો હોઇ શકે ને?"

"તું શું કહેવા માગે છે એ મારી સમજમાં આવતું નથી!"

શેલી બેગમાંથી એક ફોટો કાઢી પીટર સામે ધરી બોલી, "જો આ ફોટો. મારા નાના ભાઇનો છે. મારા ડેડીએ એનાં હસતા રમતાં ફોટા પાડી મારા લેપટોપમાં મૂકેલાં. મારી મા દર સાત તારીખે એ ફોટા જોઇ મારા ભાઇને યાદ કરીને એને મળ્યાનો સાંત્વન અનુભવતી. પણ હવે એ પડી ભાંગી છે. એની યાદ જતી રહેતાં એ બહુ વલોપાત કરે છે. મારૂં લેપટોપ ચોરાઇ ગયું ત્યારથી એના હસતા રમતાં ફોટા જોવાં નથી મળતાં એટલે એનો ક્રમ તૂટ્યો છે."

પીટર એ ફોટો જોઇ ઊંડા વિચારમાં ડૂબી ગયો. એનાં ભાઇનાં કેટલાક ફોટા એણે ક્યાંક જોયા હતા. સ્મરણશક્તિને એણએ ઢંઢોળી. એકદમ યાદ આવી જતાં એણે શેલીને કહ્યું,"ચાલ મારી સાથે... કદાચ એ ફોટા તને મળી જાય!"

હરખઘેલી બની, આંશુ લૂછી એ પીટરની સાથે ચાલી નીકળી.

જેસનના ઘરે પહોંચી એણે જેસનને કહ્યું, "દોસ્ત શેલીને તો તું ઓળખે છે! તારા લેપટોપ પર વાર્ષિકોત્સવના કેટલાક ફોટા છે તે શેલીને જોવા છે તું બતાવીશ?"

"કેમ નહીં? મને આનંદ થશે! આવો બંને અંદર આવો..."

બંને અંદર ગયાં. ટેબલ પર લેપટોલ મુકી ઓન કર્યું. એ જ વખતે પોસ્ટમેન આવતાં એ ટપાલ લેવા બહાર ગયો. પીટરે એ ફાઇલ ખોલતાં જ શેલીના ભાઇના ફોટા સ્ક્રીન પર આવ્યાં.

દૂરથી જેસનને આવતો જોતાં એણે ફાઇલ બંધ કરી.

જેસને પૂછ્યું, "શેલીને ફોટા બતાવ્યાં?"

"ના, તારી રાહ જોતા હતા. મને શી ખબર કઇ ફાઇલ છે?"

જેસને ફાઇલ ખોલી એટલે વાર્ષિકોત્સવના ફોટા જોઇ શેલી બોલી, "કેવા સરસ ફોટા છે! તું બહુ સારો ફોટોગ્રાફર લાગે છે!"

"એના બાપની કળા એને વારસામાં મળી છે! હુ આ ફોટાઓની સીડી બનાવી શકું?"

"વાય નોટ! લે એક સીડી આપું તું બનાવી લે. મારે મારા ડેડીનાં કપડાં ડ્રાઇ ક્લિનિંગ માટે આપવા પોળનાં નાકે લોન્ડ્રીમાં જવું પડે એમ."

"ઓ.કે."

પીટર જતાં એણે એક સીડીમાં શેલીનાં ભાઇનાં ફોટા હતા તે ફાઇલ સેવ કરી દીધી. જેસન આવતાં એને પૂછ્યું. "દોસ્ત, બહુ સરસ લેપટોપ છે. ક્યાંથી લાવેલો?"

"મારા ડેડી ક્યાંથી લાવેલા. ખબર નહિ ક્યાંથી લાવેલાં!" "એક વાત કહું? તું માનીશ? આ લેપટોપ શેલીનું લાગે છે. થોડા વખત પહેલાં ચોરાઇ ગયેલું." એ જ વખતે જેસનના ડેડી ઘરમાં પ્રવેશતાં એમનાં કાને એ શબ્દો પડ્યા એટલે જરાક અચકાયા વિના બોલ્યા, "તમારૂં હોય તો લઇ જાઓ. જેણે મને વેચેલ એ ભાઇને હું ઓળખું છું. હું એની પાસેથી મારા પૈસા વસૂલ કરીશ. એ નાલાયક આમ ચોરીનો માલ વેચતો હશે તો એને પાઠ ભણાવીશ."

જેસનના ડેડીને વંદન કરી આભાર માની લેપટોપ હાથમાં લઇને શેલી બોલી, "અંકલ, તમે કેટલાં પૈસા આપેલાં? મારી મમ્મીની એક યાદ આ લેપટોપમાં હોઇ એ ચોરાઇ જતાં બહુ વલોપાત કરે છે એટલે મારે લઇ જવાની ઇચ્છા છે. તમારા મિત્ર સાથે ખોટી ઝંઝટમાં ના પડતાં. તમારા સદ્‌ભાવ અને ઉદારતા મહાન છે. સૌએ જીવનમાં ઉતારવા જેવા એ ગુણો છે. તમારા પૈસા પાછા ન મળે તો મને કહેજો. મારા ડેડી આપી દેશે."

"તું મારી દીકરી જેવી છે. એવી કંઇ જરૂર નથી. કોઇની યાદ પરત કરવાનો અને મિત્રને પાઠ ભણાવવાનો અવસર રોજ ક્યાં મળવાનો છે? એક ભલું કામ કરવાનો આજ મને ગર્વ છે. જા દીકરી લેપટોપ લઇ જા. જે બની ગયું તે ભૂલી જજે."

જેસનના ડેડીના લાગણીભર્યાં શબ્દો શેલીને સ્પર્શી ગયા અને એમની ઉદાત્ત ભાવના માટે ગર્વ અનુભવતાં પીટર અને શેલી એમને નમી, એમનો આભાર માની લેપટોપ લઇ શૈલીની મમ્મીને ખુશ કરવા બંને શેલીના ઘરે ગયા.